Research Paper

Volume : 3 | Issue : 4 | April 2014 • ISSN No 2277 - 8179

# Kaprada Taluka ni Shri Varoli Dudh Utpadak Sahakari Mandali Li. Mudi Mankha Sandarbhe Abhyas

# કપરાડા તાલુકાની શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મૂડી માળખા સંદર્ભે અભ્યાસ

Commerce

KEYWORDS : નાણાકીય પત્રકો, ગિયરીંગ રેશિયો, માલિકી ગુણોત્તર

| | |
|---|---|
| **Patel Dilipkumar** | Research Scholar, Pacific university, Udaipur (Rajasthan)India. |
| **Patel Alkaben** | Associate Professor, Arts & commerce college, Motapondha,Tal-Kaprada, Dist : Valsad ( Gujarat) India. |

પસંદ કરાયેલ સહકારી મંડળી વિષે માહિતી

વલસાડ જિલ્લામાં ખેતીક્ષેત્રનો વિકાસ મોટાપાયે થયેલો છે.જેથી ખેતીક્ષેત્રનાં વિકાસ અર્થે અને ખેડુતોને શાહુકારોનાં શોષણી મૂકત કરવા માટે ઇસ.૧૯૫૩ ના. સમયગાળામાં તા.૨-૧૨-૧૯૫૩ નાં રોજ આ મંડળીની સ્થાપના કરવામાં આવી હતી.આ મંડળીના અધિસ્થાપક એ આજ વારોલી ગામનાં અગ્રણી ખેડુત અને સામાજિક કાર્યકર્તા ચુસ્ત ખાદીધારી,ગાંધીવાદી સ્વર્ગસ્થ શ્રી બાપુભાઇ નવસુભાઇ રાઉત હતા.જેનાં અથાગ પ્રયત્નોથી આ મંડળી સ્થપાઇ છે.મંડળીનાં રજીસ્ટ્રેશન સમયે આ વિસ્તાર સુરત જિલ્લાનો એક ભાગ હતો.જે આજે વલસાડ જિલ્લાનાં ધરમપૂર તાલુકામાંથી પણ અલગ થઇ કપરાડા તાલુકાનો એક ભાગ બની ચુક્યો છે,મંડળીની સ્થાપના સમયે આ મંડળીને અનેક પ્રકારની આર્થિક મૂશ્કેલીઓ પડી છે.છતા પણ તેમાંથી બહાર આવી આજે મંડળી આર્થિક રીતે પણ પગભર બની છે.મંડળીનો સંચાલક વર્ગ ખુબજ પ્રમાણિક અને નિષ્ઠાવાન અને ખંતીલો છે,જેથી તેઓએ મંડળીનો ખુબ જ વિકાસ સાધી પ્રમાણિકતાથી કામ કરી ખેડુતોને ખેતીક્ષેત્રમાં ખુબ ઉપયોગી બની પુરા દેશમાં તેમણે મંડળીનું નામ રોશન કરી દીધું છે.અને પુરા ગુજરાતમાં સહકારી સંસ્થાઓ માટે એક પ્રેરણા સ્રોત બની ગયા છે.

અભ્યાસનાં હેતુઓ :

૧. અભ્યાસ હેઠળ પસંદ કરેલ દુધ ઉત્પાદક સહકારી મંડળીની નાણાકીય સધ્ધરતાની સ્થિતિનો અભ્યાસ.
૨. દુધ ઉત્પાદક સહકારી મંડળીનાં મૂડી માળખાનો અભ્યાસ
૨. દુધ ઉત્પાદક સહકારી મંડળીની નાણાકીય સધ્ધરતાની સ્થિતિનો અભ્યાસ કરીને જરૂરી સૂચનો કરવા.

અભ્યાસની ઉપકલ્પનાઓ

૧. પસંદ કરેલ સંસ્થાનું મૂડી માળખું અન્ય સહકારી સંસ્થા કરતા વિશેષ હોય.
૨. સહકારી મંડળીની નાણાકીય સધ્ધરતા ખુબ જ સારી ન પણ હોય.
૩. પસંદ કરેલ સહકારી મંડળીનું સંચાલન ખૂબ જ કાર્યક્ષમ ન પણ હોય.

અભ્યાસની પધ્ધતિ :

શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લિ.ની છેલ્લા પાંચ વર્ષની નાણાકિય સ્થિતિનાં આધારે નફાકારકતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.માહિતી મેળવવા માટે જરૂરી નાણાકીય માહિતી અભ્યાસ હેઠળ પસંદ કરેલ સહકારી મંડળીનાં ઓડિટ થયેલા હિસાબોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.તેમજ જરૂરી માહિતી મંડળીનાં વહીવટ કર્તા મંત્રીશ્રી બાબલભાઇ એસ.ગાઇન અને શ્રી નાથુભાઇ આબુભાઇ દળવીની રૂબરૂ મુલાકાત લઇને માહિતી મેળવવામાં આવી છે.અને સહકારી સંસ્થાઓની જિલ્લા સ્તરની માહિતી માટે વલસાડ જિલ્લાની માહિતી ખાતાનો સંપર્ક સાધવામાં આવ્યો.

ગુણોત્તર વિશ્લેષણ

૧. દેવા-ઇક્વિટી ગુણોત્તર :

માલિકી ગુણોત્તર એક બીજું સ્વરૂપ દેવા ઇક્વિટી ગુણોત્તર છે.તે ધંધામાં માલિકીનાં ભંડોળોનાં પ્રમાણમાં કૂલ લાંબા ગાળાનાં દેવા કેટલા છે ? તે ગણવા માટે ઉપયોગી છે. તેથી તેને લાંબા ગાળાનાં દેવાનો ગુણોત્તર પણ કહેવામાં આવે છે.જ્યાં માલિકીનાં ભંડોળમાં શેરમૂડી અને અનામત વધારાનો સમાવેષ થાય છે.માલિકીનાં ભંડોળોને ચોખ્ખું મૂલ્ય પણ કહે છે.તેથી આ ગુણોત્તર દેવા ચોખ્ખા મૂલ્યનો ગુણોત્તર પણ કહે છે. સુત્ર નીચે મૂંજબ છે :


$$\frac{\text{કૂલદેવા}}{\text{માલિકીભંડોળ}} \times 100$$

લાંબા ગાળાની દેવાની જેમ ટૂંકા ગાળાનાં દેવા પણ પેઢીની જવાબદારી છે.અને તે જોખમમાં વધારો કરે છે.તેજ પ્રમાણે લાંબા ગાળાનાં દેવાનો ગુણોત્તર પણ કહેવામાં આવે છે.

જયાં માલિકીનાં ભંડોળમાં શેરમૂડી અનામત વધારાનો સમાવેષ થાય છે માલિીકીનાં ભંડોળો ચોખ્ખુ મૂલ્ય પણ કહે છે.તેથી આ ગુણોત્તર દેવા ચોખ્ખા મૂલ્યનો ગુણોત્તર પણ કહે છે.લાંબા ગાળાની દેવાનીજેમ ટૂંકાગાળાના દેવા પણ પેઢીની જવાબદારી છે.અને તે જોખમમાં પણ વધારો કરે છે.તેજ પ્રમાણે લાંબા ગાળાનાં દેવાની ટૂંકા ગાળાનાં દેવા પર પણ વ્યાજ ચુકવવુ પડે છે.વળી ટૂંકા ગાળાનાં લેણદારોનું દબાણ પર સંચાલકો પર વધુ હોય છે.ટૂંકાગાળાનું એક દેવું બેન્ક ઓવરડ્રાફ્ટ વાસ્તવમાં લાંબાગાળાનું જ દેવું છે.કારણ કે મોટાભાગે કાયમિ વ્યવસ્થા છે.

નીચે આપેલ કોષ્ટક માં શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વર્ષ : ૨૦૦૮-૦૯ થી વર્ષ : ૨૦૧૦-૧૧નું દેવા ઇક્વિટી ગુણોત્તર નીચે મુંજબ છે :

| વર્ષ | કૂલદેવા | માલિકીભંડોળ | પ્રમાણ ટકાવારીમાં |
|---|---|---|---|
| 2008-09 | 318024 | 1824393 | 17.43 |
| 2009-10 | 718205 | 2341554 | 30.67 |
| 2010-11 | 288294 | 2617885 | 11.01 |




ઉપરોકત કોષ્ટક પરથી દુધ મંડળીનું દેવા અને ઇકિવટી ગુણોત્તરનું પ્રમાણ જોઇ શકાય છે,વર્ષ : ૨૦૦૯-૧૦માં કૂલ દેવા સામે ઇકિવટીનું પ્રમાણ સૌથી ઉંચુ જોવા મળે છે.એટલેકે આ વર્ષમાં કુલ દેવા કરતા ઇકિવટી મૂડી અનામતો ચોખ્ખા નફાની સ્થિતિ સારી એમ જોઇ શકાય છે, જયારે વર્ષ : ૨૦૧૦-૧૧માં આ પ્રમાણ સૌથી નીચું જોવા મળે છે.જેનાં કરતાં ૨૦૦૮-૯ની સ્થિતિ સારી જોવા મળે છે.લાંબા ગાળાનાં દેવાની સામે ઇકિવટીનું પ્રમાણ સારૂ જોવા મળે છે.

૨. મૂડી ગિયરીંગ ગુણોત્તર :

ગિયરીંગ ગુણોત્તર કંપનીની પ્રેફરન્સ શેરમૂડી અને ઇક્વિટી શેરમૂડી વચ્ચેનું પ્રમાણ દર્શાવે છે.બીજા શબ્દોમાં કહીએ તો નિશ્ચિત ડિવિડન્ડનો હક ધરાવનાર મૂડી ઇક્વિટીનાં પ્રમાણમાં કેટલી છે તેનું સૂચન આ ગુણોતર કરે છે.ગિયરીંગ ગુણોત્તર ગણવાનું સુત્ર નીચે મુંજબ છે :

$$\text{ગિયરીંગ ગુણોત્તર} : \frac{\text{પ્રેફરન્સ શેરમૂડી- ડિબેન્ચર-લોન}}{\text{ઇક્વિટી શેરમૂડી}}$$

જો કંપનીએ ડિબેન્ચર બહાર પાડયા હોય તો પ્રેફરન્સ મૂડી અને ડિબેન્ચર સાથે ઇકિવટી શેરમૂડીનું પ્રમાણ શોધવું જોઇએ. જો

Volume : 3 | Issue : 4 | April 2014 • ISSN No 2277 - 8179




કંપનીનાં ચોપડે સામાન્ય અનામત, નફાનુકશાન ખાતાની જમા બાકી વગેરે રકમો હોય તો તેની માલિકી ઇકિવટી શેરહોલ્ડરોની ગણાય છે. આ ગુણોત્તર જેમ ઉંચો હોય તેમ ઇક્વિટી શેર વધુ અસ્થિર ગણાય કારણ કે નફા પૈકી વધુ ભાગ પ્રેફરન્સ શેર પર ડિવિડનડ કે ડિબેન્ચર પર વ્યાજમાં જતો રહે છે. અને ઇકિવટી ડિવીડન્ડનાં દરમાં મોટાપ્રમાણમાં વધઘટ થાય છે.

નીચે આપેલ કોષ્ટક માં શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું

વર્ષ : ૨૦૦૮-૦૯ થી વર્ષ : ૨૦૧૦-૧૧નું મૂડી ગિયરીંગ ગુણોત્તર નીચે મુંજબ છે :

| વર્ષ | ઇક્વિટી શેરમૂડી | લોન | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકાવારીમાં |
| 2008-09 | 1824393 | 318024 | 5.74 |
| 2009-10 | 2341554 | 718205 | 3.26 |
| 2010-11 | 2617885 | 288294 | 9.08 |




ઉપરોક્ત કોષ્ટક પરથી વારોલી દુધ મંદળીનું મૂડી ગિયરીંગ ગુણોત્તર જોવા મળે છે, જેમાં સૌથી ઉંચો દર વર્ષ : ૨૦૧૦-૧૧ માં જોવા મળે છે, જ્યારે વર્ષ : ૨૦૦૯-૧૦માં સૌથી નીચું પ્રમાણ જોવા મળે છે. જે દર્શાવે છે કે ચાલુ વર્ષમા? ઇકિવટી મૂડી સામે લોનની સ્થિતિ એક વર્ષમાં વધુ જોવા મળે છે જે ખુબ સારી બાબત ન ગણી શકાય સંચાલકોનાં યોગ્ય સુધારા કરવાથી આ પરિસ્થિતિ નિવારી શકાય.


૩. માલિકી ગુણોત્તર :
ગણવા માટેનું સુત્ર નીચે મુંજબ છે :

$$\frac{\text{માલિકી ભંડોળ}}{\text{કૂલ_મિલકતો}} \times 100$$

ધંધામાં ભંડોળોનો ઉપયોગ કેવી રીતે થાય છે તે જાણવા માટે આ ગુણોત્તર જરૂરી છે. ચાલુ મિલકતોએ પ્લાન્ટ અને યંત્રો જેવી કાયમિ મિલકતો કરતાં પણ પ્રવાહી છે. અને ચાલુ દેવા જે આકસ્મિક જવાબદારી ચુકવવા ઝડપથી મળી શકે છે. વળી ચાલુ મિલકતોમાં કરેલ રોકાણ કંપની કે સંસ્થાને તેની વેચાણ ઉપજ વધારવા કે ધંધાનાં ખર્ચ ઘટાડવામાં ઉપયોગી નિવડે છે. અલબત અમૂક મર્યાદાથી વધુ ચાલુ મિલકતો નફાકારકતા વધારવાને બદલે ઘટાડે છે.

નીચે આપેલ કોષ્ટક માં શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વર્ષ : ૨૦૦૮-૦૯ થી વર્ષ : ૨૦૧૦-૧૧નો માલિકી ગુણોત્તર નીચે મુંજબ છે :

| વર્ષ | માલિકી ભંડોળ | કૂલ_મિલકતો | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકાવારીમાં |
| 2008-09 | 1824393 | 2473979 | 73.74 |
| 2009-10 | 2341554 | 3195507 | 73.28 |
| 2010-11 | 2617885 | 3186598 | 82.15 |




ઉપરોક્ત ટેબલની માહિતી પરથી દુધ મંડળીની મિલકત પર વળતરનો દર જોઇ શકાય છે : જેમાં સૌથી ઉંચો દર વર્ષ : ૨૦૧૦-૧૧માં જોવા મળે છે, જ્યારે વર્ષ : ૨૦૦૯-૧૦ અને ૨૦૦૮-૯માં નીચો દર જોવા મળે છે. જેનાં પરથી કહી શકાય કે મંડળીનાં સભાસદો અને બેંકોએ જે દુધ મંડળીને નાણાનું ધિરાણ કર્યુ છે તેનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો હોય એવું લાગે છે.

૪ . મિલકત પર વળતરનો દર :
કંપની કે સંસ્થા માં સભાસદો દ્વારા પુરા પાડવામાં આવેલા ભંડોળો પર વળતર કેટલું મળે છે, તે જાણવા માટે આ ગુણોત્તર ઉપયોગી છે. જેના પરથી ખ્યાલ આવે છે કે મુંડળીનાં સભાસદો એ મંડળીનાં જ શેરો ખરીધા છે અને બેંકોએ જે ધિરાણ આપ્યુ છે, તેનો ઉપયોગ કેવી રીતે થઇ રહયો છે, તે જાણવા જરૂરી છે. તેને ગણવા માટેનુ સુત્ર નીચે મૂંજબ છે :

$$\frac{\text{કરવેરા બાદ નફો} + \text{વ્યાજ}}{\text{કૂલ મિલકતો}} \times 100$$

નીચે આપેલ કોષ્ટક માં શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વર્ષ : ૨૦૦૮-૦૯ થી વર્ષ : ૨૦૧૦-૧૧નો મિલકત પર વળતરનો દર નીચે મુંજબ છે :

| વર્ષ | ચો. નફો | કૂલ મિલકતો | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકાવારીમાં |
| 2008-09 | 126706 | 2473982 | 5.12 |
| 2009-10 | 152501 | 3195507 | 4.77 |
| 2010-11 | 163861 | 3186598 | 5.14 |

ઉપરોક્ત ટેબલની માહિતી પરથી દુધ મંડળીની મિલકત પર વળતરનો દર જોઇ શકાય છે : જેમાં સૌથી ઉંચો દર વર્ષ : ૨૦૧૦-૧૧માં જોવા મળે છે, જ્યારે વર્ષ : ૨૦૦૯-૧૦ અને ૨૦૦૮-૯માં નીચો દર જોવા મળે છે. જેનાં પરથી કહી શકાય કે મંડળીનાં સભાસદો અને બેંકોએ જે દુધ મંડળીને નાણાનું ધિરાણ કર્યુ છે તેનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો હોય એવું લાગે છે.

૫. કાયમિ મૂડી મિલકત ગુણોત્તર :
સુત્ર નીચે મૂંજબ છે :

$$\frac{\text{કાયમિમૂડી}}{\text{કાયમિ મિલકતો}} \times 100$$

કાયમિ મિલકતોની સરખામણી એ કાયમિમૂડીની સ્થિતિ જાણી શકાય છે. જો આ ગુણોત્તર ઉંચો હોય તો સાબિત થાય કે કાયમિ મિલકતો કાયમિ મૂડી માંથી જ ખરીદવામાં આવે છે.

નીચે આપેલ કોષ્ટક માં શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વર્ષ : ૨૦૦૮-૦૯ થી વર્ષ : ૨૦૧૦-૧૧નો કાયમિ મૂડી-કાયમિ મિલકત ગુણોત્તર નીચે મુંજબ છે :

| વર્ષ | કાયમિમૂડી | કાયમિ મિલકતો | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકાવારી |
| 2008-09 | 2142417 | 311169 | 6.89 |
| 2009-10 | 3059759 | 317362 | 9.64 |
| 2010-11 | 2906179 | 317362 | 9.16 |

ઉપરોક્ત માહિતી પરથી કાયમિમૂડી અને કાયમિ મિલકતો દ્વારા નાણાકીયબ સધ્ધરતા જોઇ શકાય છે જેમાં વર્ષ : ૨૦૦૯-૧૦ અને ૨૦૧૧ માં ઉંચુ પ્રમાણ છે જ્યારે સૌથી નીચું પ્રમાણ ૨૦૦૮-૯માં જોવા મળે છે. જેનાં પરથી કહી શકાય કે મંડળીની કાયમિ મિલકતો કાયમિ મૂડીમાંથી જ ખરીદવામાં આવેલ છે. જેના પરથી કહી શકાય કે સંચાલકોની નાણાકીય સધ્ધરતા અંગેની નીતી સારી છે એમ કહી શકાય.

Volume : 3 | Issue : 4 | April 2014 • ISSN No 2277 - 8179

૬. કાર્યશીલ મૂડી ટર્ન ઓવર :

રોકડ રકમમાંથી કાચોમાલ ખરીદવામાં આવે પરી ણ ા મ તૈયાર માલ બને આ તૈયાર માલનું વેચાણ થાય લેણામાંથી રોકડ પ્રાપ્ત થાય અને ચક્રિય પ્રવાહ કહેવાય.ચાલુ મિલકતોનાં ત્રણ પ્રવાહો છે. રોકડ,સ્ટોક અને દેવાદારો.


કાર્યશીલ મૂડીનો ઉથલો :

$$\frac{\text{કૂલ દેવા}}{\text{કૂલ કાર્યશીલ મૂડી}} \times 100$$

કુલચાલુ મિલકતો એટલે કૂલ કાર્યશીલ મૂડી પ્રાપ્ત થાય છે.ચોખ્ખી કાર્યશીલ મૂડી એટલે ચાલુ દેવા પર ચાલુ મિલકતોનો વધારો ચોખ્ખી કાર્યશીલ મૂડી એ એકમની તરલતા બતાવે છે.જેમ તરલતા વધારે તેમ ચાલુ જવાબદારીઓ ચુકવવાની શક્તિ વિશેષ પરીણામે જોખમ ઓછું.એટલે કે જેમ જેમ ગુણોત્તર ઉંચો તેમ કંપનીની પરિસ્થિતિ સારી ગણાય.

નીચે આપેલ કોષ્ટક માં શ્રી વારોલી દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વર્ષ : ૨૦૦૮-૦૯ થી વર્ષ : ૨૦૧૦-૧૧નો કાર્યશીલ મૂડી ટર્નઓવર નીચે મુંજબ છે :

| વર્ષ | કૂલ દેવા | કૂલ કાર્યશીલ મૂડી I | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકાવારી |
| 2008-09 | 318024 | 1220887 | 0.26 |
| 2009-10 | 715205 | 1852959 | 0.39 |
| 2010-11 | 288294 | 1671203 | 0.17 |




અભ્યાસનાં મહત્વનાં તારણો અને સૂચનો :

- દેવા ઇક્વિટી ગુણોત્તરની સ્થિતિ જોતા ખ્યાલ આવે છે કે શરૂઆતમાં કૂલદેવાની સામે દર વર્ષે ઇક્વિટી ભંડોળનું પ્રમાણ ઉંચું જોવા મળે છે.જે સારી બાબત ગણાય , પરંતુ વર્ષ : ૨૦૧૦-૧૧નાં વર્ષનાં ઇક્વિટી ભંડોળ સામે લાંબા ગાળાનાં દેવા વધી ગયા છે. જે વધુ યોગ્ય ન ગણાય.દુધ મંદળી લાંબા ગાળાનાં દેવાનો ઉપયોગ સભાસદોને પશુપાલન અને અન્ય જરૂરીઆતો માટે ધિરાણની સગવડ આપવા માટે મુડીમાં વધારો કરે છે . જે એક સારી પ્રવૃતિ કહી શકાય પરંતુ લાંબા ગાળાનાં દેવા ચુકવવા માટે સંચાલકોએ અનામત ભંડોળો વધારીને વધુ સારી પ્રવૃતિ કરી શકાય.આમ ,લાંબાગાળાનાં દેવાની મૂડીનાં ઉપયોગથી સભાસદોને મહત્તમ લાભ થાય તેવા પ્રયત્નો સંચાલકોએ કરવા જોઇએ. અને દેવાની રકમ સમય સર ચુકવાય તેની પણ કાળજી રાખવી જોઇએ.
- મૂડી ગિયરીંગનું પ્રમાણ જોતા તારણ કાઢી શકાય કે વર્ષ ૨૦૦૯-૧૦માં મંડળીએ ઇક્વિટી શેરમૂડી સામે લોનની રકમ ઓછી જોવ મળે છે.જેનાં પરથી કહી શકાય કે સભાસદોની મૂડી પર ઓછું વળતર ચુકવવામાં આવ્યું હશે.જ્યારે ૨૦૧૦-૧૧માં ઉપરોક્ત સ્થિતિથી પલ્ટી ગઇ છે.મૂડી ગિયરીંગનું પ્રમાણમાં વધારો થયો છે. મંડળીનાં વહીવટકર્તાઓએ ખુબ ઉંચી પણ નહિં અને ખુબ નીચી પણ નહીં થાય તેવી મૂડી ગિયરીંગનું પ્રમાણ જાળવવાનાં પ્રયત્નો કરવા જોઇએ.
- મિલકત પર વળતરનો દર સતત વધી રહયો છે જેનાં પરથી ખ્યાલ આવે છે કે મંડળીનાં સભાસદોએ દુધમંડળીનાં શેરો ખરીધા છે. અને બેંકોએ જે ધિરાણો આપ્યું છે.તેનો ઉપયોગ સારી રીતે થઇ રહયો છે. આમ ,દુધ ઉત્પાદક સહકારી મંડળી વારોલી ની નફાકારકતા સારી છે એમ કહી શકાય.
- કાયમિ મિલકત ગુણોત્તરમાં તારણ નીકળે છે કે કાયમિ મિલકતોની સરખામણી એ કાયમિમૂડીનું પ્રમાણ વધુ છે. એટલે કે દુધ મંડળીની જેટલી મિલકતો છે તે કાયમિ મૂડીમાંથી જ ખરીદવામાં આવી છે.આમ ,નાણાકીય સધ્ધરતાની સ્થિતિ સારી છે.
- કૂલ ચાલુ દેવા અને કૂલ મુડી ગુણોત્તર જોતા સમજી શકાય કે દુધ મંડળીનાં ચાલુદેવા કૂલ મૂડી કરતા ઓછા છે.એટલે કે મંડળી જો ટૂંકા ગાળાની લોન લે તો તરત જ તે માલિકીભંડોળમાંથી તે ચુકવી શકે છે. જે મંડળીની નાણાકીય સધ્ધરતા મજબૂત છે એમ કહી શકાય.જે સારી બાબત ગણી શકાય.
- અભ્યાસનાં પ્રથમ બે વર્ષમાં કૂલ દેવાની સામે કાર્યશીલ મૂડીનું પ્રમાણ ઉંચુ હતું.જે સારી સ્થિતિ છે. પરંતુ વર્ષ ૨૦૧૦-૧૧માં હોવાનું પ્રમાણ કાર્યશીલ મૂડી કરતા થોડુક ઓછુ છે.અંતે, કહી શકાય કે કૂલ દેવાની સામે કાર્યશીલમૂડીમાં પણ વધારો થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી બનશે.

## REFERENCE

અગ્રવાલ એન.પી. | એનાલીસીસ ઓફ ફાઇનાનસીઅલ સ્ટેટમેન્ટ | નેશનલ પબ્લીશીંગ હાઉસીંગ.નવી દિલ્લી | ૨. ચૌધરી એસ.બી. | એનાલીસીસ ઓફ કંપની ફાયનાનસીયલ સ્ટેટમેન્ટ | એશિયા પબ્લશિંગ હાઉસ.લંડન | ૩. ગુપ્તા આર.એલ. | ફાયનાનસીઅલ સ્ટેટમેન્ટ એનાલીસીસ | સુલ્તાનચંદ એન્ડ સન્સ.નવી દિલ્લી. | ૪. ગુથમેનન એચ.જી. | એનાલીસીસ ઓફ ફાયનાનસીઅલ સ્ટેટમેન્ટ ત પ્રેકટીસ હોલ ઓફ ઇન્ડિયન કંપની.નવી દિલ્લી | ૫. જૈન પી.કે.| વર્કિંગ કેપીટલ મેનેજમેન્ટ ઓફ સ્ટેટ એન્ટરપ્રાઇસ ઇન ઇન્ડિયા | નેશનલ પબ્લીશીંગ હાઉસ.જયપૂર | ૬. કુચ્ચલ એસ.સી. | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ | ચૈતન્યા પબ્લીશીંગ હાઉસ.અલ્હાબાદ | ૭. ખાન એન્ડ જૈન | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ | ટાટા મેકગ્રો હીલ પબ્લીશીંગ કંપની લિં| નવી દિલ્લી | ૮. લીઓપોલ્ડ એન્ડ બેરસ્ટેઇન | ધ એનાલીસીસ ઓફ ફાયનાન્સીઅલ સ્ટેટમેન્ટ | રિચાર્ડ ડી.ઇરવીન | ૯. પાંડે આઇ એમ.| ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ ત વિકાસ પબ્લીશીંગ હાઉસ.નવી દિલ્લી ત ૧૦ પી.સારવાનાવેલ | રીસર્ચ મેથ્ડોલીજી | કિતાબ મહલ.અલ્હાબાદ ત ૧૧. સુજનચંદ જૈન | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ ઇન ઇન્ડિયન ઇન્ડસટ્રીસ | પ્રતિક્ષા પબ્લિકેશન.જયપૂર | ૧૨. વિનાયકમ એન.એન્ડ સિન્હા બી. | મેનેજમેન્ટ એકાઉટીંગ ટુલ્સ એન્ડ ટેકનીક્સ | હિમાલય પબ્લીશીંગ હાઉસ.મુંબઇ ત ૧૩ જી ફ્રાન્સીસ ગ્રેવીયર | ફન્ડામેન્ટલ એન્ડ એડવાન્સ એકાઉન્ટીંગ | ટાટા મેકગ્રો હીલ પબ્લીશીંગ કંપની નવી દિલ્લી. ત ૧૪ ગામી એન.ડી. | ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ | પોપ્યુલર પ્રકાશન.સુરત | ૧૫ જવાહર લાલ | મેનેજરીઅલ એકાઉટીંગ | ૧૬ પાંડે આઇ.એમ. | મેનેજમેન્ટ એકાઉટીંગ ત વિકાસ પબ્લીશીંગ હાઉસ.નવી દિલ્લી | ૧૭ રાણા દલાલ | એડવાન્સ એકાઉન્ટીંગ | સુધીર પ્રકાશન અમદાવાદ | ૧૮ રાણા દલાલ | એકાઉન્ટસી | સુધિર પ્રકાશન.અમદાવાદ આવૃતિ-૧૯૯૭-૯૮ | ૧૯ રતનામ પી.વી. | બી.કોમ. એકાઉટન્સી | હિમાલય પબ્લીશીંગ હાઉસ.મુંબઇ | અન્ય માહિતીઓ :| ૧.મંડળીનાં વાર્ષિક હિસાબોની નકલ | ૨.અન્ય આંકડાકીય માહિતી